**હિંમતનગના મે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ. હિંમતનગર**

**ફોજદારી કેસ નં. ૫૫૪૩/૨૦૨૬**
**આંક–**

**ફરીયાદી:** **ગુજરાત સરકારશ્રી વતી**
**સુ.શ્રી આર.બી.પરમાર**
**બિયારણ ઈન્સ્પેક્ટર, તા. હિંમતનગર.**
**C/O નાયબ ખેતી નિયામકશ્રીની (વિ.)ની કચેરી,**
**એ બ્લોક, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન, હિંમતનગર.**

**વિરુધ્ધ**

**આરોપી:** **(૧) ઉત્પાદક પેઢી:– એકસીલન્ટ એગ્રી સાયન્સ, પ્લોટ નં. ૨૫, સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીયલ એરીયા, જી.આઈ.ડી.સી.ની પાછળ, મોતીપુરા, તા. હિંમતનગર, જી.સા.કા.**
**(૨) જવાબદાર વ્યક્તિ:– પ્રવિણકુમાર શંકરભાઈ શર્મા, વાળંદ ફળીયું કડછલા, તા.લુણાવાડા, જિ.મહીસાગર.**

**ગુનો :– જંતુનાશક દવા અધિનિયમ–૧૯૬૮ ની કલમ 3(k)(1), 3(k)(3), 3(k)(4), 3(k)(5), 3(k)(6), 17(1)(a), 18(1)(a), 18(1)(c), તથા 18(2) મુજબ.**

**–:ઠરાવ :–**

૧. આ કામના ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ **જંતુનાશક દવા અધિનિયમ–૧૯૬૮ ની કલમ 3(k)(1), 3(k)(3), 3(k)(4), 3(k)(5), 3(k)(6), 17(1)(a), 18(1)(a), 18(1)(c), તથા 18(2)** મુજબનો ગુન્હો કરેલ હોય તેમની સામે અત્રેની કોર્ટમાં ફરીયાદ કરવામાં આવેલ છે.

૨. આ કામના આરોપીએ કોર્ટ સમક્ષ હાજર થતા તેમને ફરીયાદના કાગળોની નકલો આપવામાં આવી.

૩. ફરીયાદપક્ષના તહોમત મુજબ આરોપીએ આંક– થી ગુના કબુલાત પુરસીસ આપેલ છે જે પુરસીસ રેકર્ડે કરવામાં આવતા આરોપીને વાંચી સંભળાવી સમજાવતા જવાબ લેવામાં આવતા આરોપીએ આંક– ના નિવેદનમાં ગુનો કબુલ છે તેવુ જણાવે છે. જેથી ઉપરોક્ત ગુનો આરોપીએ કબુલ કરશે તો તે અંગેની ગુનાની સજા અંગે જણાવવામાં આવેલ છે. આરોપીએ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ રાખતા હોઈ

કબુલાત પુરશીશ રેકર્ડ કરવામાં આવેલ છે. આરોપીની રજુઆત એવી છે કે તેમનો આ પ્રથમ ગુનો છે. આ ગુનો કરવામાં તેમનો કોઈ ઈરાદો ન હતો અને ભવિષ્યમાં ગુનો કરશે નહી તેની ખાત્રી આપે છે.

વધુમાં નામદાર ઉચ્ચ અદાલતના સ્ટેટ ઓફ ***ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર (૨૦૦૫) કા.લો.ઈ.૨૯૫૭***ના ચુકાદાના પ્રસ્થાપિત સિંધ્ધાત વંચાણે લેવામાં આવેતો કોર્ટને એવુ જણાય કે કોર્ટને ઓછામાં ઓછી સજા કરતી વખતે આરોપીની પરિસ્થિતિ, આરોપીનો ગુનો તેમજ અન્ય સંજોગોનો વિચાર કરવો જોઈએ ત્યારે કોર્ટ આ અંગે યોગ્ય નિર્ણય લઈ ઓછામાં ઓછી સજા કરી શકે.

આ ગુના અંગેની જોગવાઈ તેમજ આરોપી ધ્વારા સ્વેચ્છાએ કબુલાત કરવા માગતા હોય ત્યારે હાલના ગુના પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

આ કામના પ્રત્યેક આરોપીને બી.એન.એસ.એસ. કલમ- ૨૭૫ અન્વયે **જંતુનાશક દવા અધિનિયમ-૧૯૬૮ ની કલમ 3(k)(1), 3(k)(3), 3(k)(4), 3(k)(5), 3(k)(6), 17(1)(a), 18(1)(a), 18(1)(c), તથા 18(2)** મુજબના ગુના સબબ દોષીત ઠરાવી પ્રત્યેક આરોપીએ **રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા)** એમ કુલ મળી **રૂ.૨૦, ૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી ઉપરોકત દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન-૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧ મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો..

તારીખ : ૧૧/૦૭/૨૦૨૬
મુ. હિંમતનગર .

( એ. બી. મામતોરા )
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
હિંમતનગર.
જજકોડ નં.જી.જે.૦૧૦૫૯